# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-10-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## સીતારમણ-ગાંધીનગર:

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે ગાંધીનગરથી રાષ્ટ્રવ્યાપી "તમારી મૂડી, તમારા અધિકારો" અભિયાન શરૂ કર્યું. આ અભિયાનનો ઉદ્દેશ્ય નાણાકીય વ્યવસ્થાના વિવિધ ક્ષેત્રોમાં પડેલી દાવા વગરની નાણાકીય સંપત્તિનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવાનો છે.આ પ્રસંગે, ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ આ અભિયાનને નાગરિક-કેન્દ્રિત શાસનના માપદંડ તરીકે વર્ણવ્યું. આગામી ત્રણ મહિનામાં, આ અભિયાન દેશના દરેક જિલ્લામાં શરૂ કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન, ઘણા દાવેદારોને તેમની દાવા વગરની સંપત્તિઓ પરત કરવાની પુષ્ટિ કરતા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## ફર્ટિલિટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ:

રાજ્યમાં દૂધાળા પશુઓમાં વ્યંધત્વ ઘટાડીને દૂધ ઉત્પાદન વધારવા “ફર્ટિલિટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ” (FIP) અમલમાં મૂકાયો છે.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ફર્ટિલિટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ (FIP)ના અમલીકરણ માટે કુલ ૬ હજાર ૨૫૪ ગામોની પસંદગી કરવામાં આવી છે. ગામની ગાય અને ભેંસોમાં વ્યંધત્વ દૂર કરી સમયસર ગર્ભધારણ થાય તે માટે એક મુખ્ય કેમ્પ અને ત્યારબાદ બે ફોલોઅપ કેમ્પ યોજાશે. આ અભિયાન અંતર્ગત દરેક ગામ દીઠ સરેરાશ ૫૦ આવા પશુઓની તપાસ અને સારવાર કરવામાં આવશે.આ અભિયાનથી રાજ્યના પશુઓના ગર્ભધારણ દરમાં ૨૦ થી ૩૦ ટકાનો સુધારો થવાની શક્યતા છે

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી-પદવીદાન સમારોહ :

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૫મો પદવીદાન સમારોહ રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ભુજ ખાતે યોજાયો હતો. સાત હજાર ૯૦૧ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી એનાયત કરાઇ હતી. ૪૦ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે ગોલ્ડમેડલ એનાયત કરાયા હતા.

કચ્છના પ્રવાસ દરમિયાન રાજ્યપાલે ભુજ વાયુસેના ખાતે યોજાયેલ શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત લીધી.

---------------------------------------------------------------------------------------------------

## ‘શક્તિ’વાવાઝોડુ:

**અરબ સાગરમાં સર્જાયેલું ચક્રવાતી તોફાન ‘શક્તિ’ વધુ તીવ્ર બન્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, શક્તિ વાવાઝોડું ગતિ કરશે. 6 ઓક્ટોબરે ગુજરાત તરફ શક્તિ વાવાઝોડું યુ-ટર્ન લેશે. ગુજરાત તરફ ફંટાયા બાદ વાવાઝોડું ધીમું પડવાની શક્યતા છે. આગામી 5 દિવસ રાજ્યમાં ભારે વરસાદની કોઈ શક્યતા નથી, પરંતુ કેટલાક ભાગોમાં હળવાથી ઝાપટાં પડી શકે છે. ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિમાં વધારો થતાં માછીમારો અને દરિયાઈ ગતિવિધિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.**

---------------------------------------------------------------------------------------------------

## ભાજપ-રાષ્ટ્રીય કાર્યકારી સમિતિ:

**ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિમાં ગુજરાતમાં 39 આગેવાનને સમાવવામાં આવ્યા છે, જેમાં કચ્છમાંથી કચ્છના સાંસદ વિનોદ ચાવડા અને પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. ગઈકાલે પ્રદેશ ભાજપના અધ્યક્ષ પદે સરકારના મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માની પસંદગી કરવામાં આવી છે, ત્યારે આગામી**

**સમયમાં મહાનગર પાલિકા, જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીઓ આવી રહી છે, ત્યારે રાષ્ટ્રીય કક્ષાએ પક્ષના પ્રત્યેક જિલ્લામાંથી અગ્રણીઓને સમાવવામાં આવ્યા છે.**

**------------------------------------------------------------------------------------------------**

## નકલી ઘી જથ્થો:

**દેશી ગાયના શુધ્ધ ઘીના નામે  નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ કરતી ભુજ નજીકની ફેક્ટરીમાં દરોડો પાડીને ફૂડ એન્ડ ડ્રગ્ઝ કંટ્રોલ વિ ભાગે ૧૨.૩૬ લાખની કિંમતના ૨ હજાર ૨૪૯ લીટર ઘીનો જથ્થો સીઝ કર્યો છે.ભુજ નજીક ઘીની એક ફેક્ટરીમાં ભુજના ફૂડ સેફ્ટી ઑફિસરોની ટીમે તપાસહાથ ધરી હતી. ફૂડ વિભાગે ઘીના નમુના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યાં છે.**

**------------------------------------------------------------------------------------------------**

## મહિલા વિશ્વકપ:

**મહિલા વિશ્વ કપ સ્પર્ધામાં આજે ભારત અને પાકિસ્તાનની મહિલા ટીમો વચ્ચે મેચ રમાશે. આ મેચ શ્રીલંકાના પાટનગર કોલંબોનાં પ્રેમદાસ સ્ટેડિયમ ખાતે રમાશે. ભારતે પ્રથમ મેચમાં શ્રીલંકાને પરાજિત કરી વિજયી પ્રારંભ કર્યો છે.**

**------------------------------------------------------------------------------------------------**

## તાલુકા યુવા મહોત્સવ:

**રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર આયોજીત  અને  જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિની કચેરી ભુજ દ્વારા સંચાલિત  તાલુકા કક્ષા યુવા ઉત્સવ 2025-26માં ભાગ લેવા માટે ફોર્મ ભરવાની છેલી તારીખ 27 ઓક્ટમ્બર 2025 છે. ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમુનાનું ફોર્મ જરૂરી આધાર પુરાવા સાથે સમય મર્યાદામાં બહુમાળી ભવન ભુજ ખાતે મોકલી આપવા  એક યાદીમાં જણાવાયુ છે.**

**------------------------------------------------------------------------------------------------**

# બોક્સિંગમાં ભુજનો વિધાર્થી રાજ્યમાં પ્રથમ:

**ભુજની માધ્યમિક શાળાના વિધાર્થી કુંભાર અયાને અમદાવાદ ખાતે રમાયેલી રાજ્ય કક્ષાની બોક્સિંગ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આગામી દિવસોમાં અયાન રાષ્ટ્રીય કક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે. જે બદલ તેને ઠેર ઠેર થી અભિનંદન મળી રહ્યા છે.**

---

# પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા જન્મ જયંતી ઉજવણી:

**વિદેશની ધરતી પર રહી ભારતની આઝાદી માટે ક્રાંતિની જ્યોત ઝળહળતી રાખવા પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનારા આદ્ય ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માની 168મી જન્મ જયંતીની ઉજવણી ગઈકાલે જિલ્લામાં વિવિધ સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. ભુજમાં આવેલી ક્રાંતિવીરની પ્રતિમાને હારારોપણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક સંસ્થાઓ દ્વારા પ્રતિમાને હાર પહેરાવ્યા બાદ જરૂરિયાતમંદ વિસ્તારોમાં જઇને અલ્પાહાર વિતરણ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. માંડવી ખાતે કૃષ્ણવર્મા મેમોરિયલ ફાઉન્ડેશને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.**

---